હરિઃ ૐ

હરિઃ ૐ આશ્રમ સંચાલિત

ગિજુભાઈ સ્મારક બાલજીવન ઘડતર યોજના

પુષ્પ: તેરમું

# અમી છાંટણાં

લેખક: મુકુલ કલાર્થી



હરિઃ ૐ આશ્રમ પ્રકાશન

હરિ: ૐ

હરિ: ૐ આશ્રમ સંચાલિત
ગિજુભાઈ સ્મારક બાલજીવન ઘડતર યોજના
પુષ્પ તેરમું

# અમી છાંટણાં

લેખક:
મુકુલભાઈ કલાર્થી

હરિ: ૐ આશ્રમ પ્રકાશન

● પ્રકાશક : હરિઃ ૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

● © મુકુલ કલાર્થી

● પ્રથમ આવૃત્તિ : ૧૯૮૩

● પ્રત : ૩૦૦૦

● પૃષ્ઠસંખ્યા : ૬+૫૦=૫૬

● કિંમત : રૂપિયા ૩-૦૦

● પ્રાપ્તિ સ્થાન :
(૧) હરિઃ ૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧
(૨) હરિઃ ૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫

● મુદ્રક :
પ્રવીણચંદ્ર નટવરલાલ ગામી
પ્રણવ પ્રિન્ટર્સ
૧૧-અ, વિજય કોલોની
સરદાર પટેલ કોલોની પાસે
ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩

● મુખપૃષ્ઠ ડિઝાઇન :
શ્રી 'જય' પંચોલી
'નીરજ'
૫, હેમધ્રુવ સોસાયટી
અમદાવાદ-૩૮૦ ૦૦૭

હરિઃ ૐ

# સમર્પણાંજલિ

સુરતના આશ્રમની સ્થાપના પૂર્વેથી જ

પૂજ્ય શ્રીમોટા પ્રત્યે આકર્ષાયેલા

અને

કોઈ અગમ્ય નિમિત્તથી સંકળાયેલા

આઝાદીની લડતના લડવૈયા અને

અણનમ યોદ્ધા

આજીવન સેવાધારી સુરત આશ્રમના

ટ્રસ્ટી

**શ્રી. શાન્તિભાઈ તમાકુવાળાને**

એમના

આશ્રમ સાથેના સંબંધોની

સુમધુર યાદમાં

સ્નેહ સમર્પણ

હરિ : ૐ આશ્રમ, સુરત —નંદુભાઈ

૧૫, એપ્રિલ, ૧૯૮૩

# નિવેદન

હરિઃ ૐ આશ્રમે પોતાનાં દાન–ટ્રસ્ટો ચરોતર એજ્યુકેશન સોસાયટીને સુપ્રત કરેલાં હતાં. પૂજ્ય શ્રીમોટાની ગુણ–ભાવ વિકસાવવાની પ્રવૃત્તિના એક ભાગ રૂપે એ એમની હયાતીમાં જ કરવામાં આવેલાં. પૂજ્ય શ્રીમોટાનો દેહ ગયો તેના પાંચેક વર્ષ બાદ ચરોતર એજ્યુકેશન સોસાયટીને એ કામને પહોંચી વળીને યોગ્ય ન્યાય અપાશે નહિ એમ લાગતાં દાન–ટ્રસ્ટો પરત કર્યાં. કેટલાક સમય સુધી એમણે એનું સફળ સંચાલન કર્યું તે બદલ અમે એમના ખૂબ ખૂબ આભારી છીએ. હવે એ જવાબદારી હરિઃ ૐ આશ્રમને શીરે આવે છે એટલે ચ. એ. સો. એ શરૂ કરેલી શ્રેણી આગળ છપાવવાનું કામ હરિઃ ૐ આશ્રમે જારી રાખ્યું છે. તેમાં ગિજુભાઈ સ્મારક બાલ-જીવન ઘડતર યોજનાનું આ પુષ્પ તેરમું પ્રગટ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

આ તેરમું પુષ્પ "અમી છાંટણાં" શ્રી મુકુલભાઈ કલાર્થી જેવા લેખકને હાથે લખાયું છે. બાળકોના ચિત્ત પર ઊર્ધ્વગામી અસર પેદા કરે એવા એ પ્રસંગો છે. શ્રી મુકુલભાઈ કિશોર-કિશોરીઓ અને બાળકો માટે આવાં જીવનને ઉન્નત બનાવનાર સાહિત્યના સર્જક તરીકે જાણીતા છે. એમનો સહકાર અમને મળતો આવ્યો છે. એ બદલ અમે એમના ખૂબ ખૂબ આભારી છીએ. આશા છે કે આ પુસ્તકના ઉમેરાથી પૂજ્ય શ્રીમોટાની ગુણ–ભાવ વિકાસ માટેના પુરુષાર્થની ઇમારતમાં એક વધુ ઈંટ મુકાશે. અમને વિશેષ આનંદ તો એ છે કે શહેરનાં બાળકો તો આવાં પુસ્તકો એમના ભણેલાં ગણેલાં વાલીઓ દ્વારા ખરીદીને પણ વાંચી શકે. પરંતુ દૂરના આદિવાસી ગરીબ ગામોનાં બાળકોને એ તક મળવી દુર્લભ છે. તાલુકા પંચાયતો દ્વારા

એમને આવું સાહિત્ય ઉપલબ્ધ થાય એ આનંદનો વિષય છે. એ માટે અમે તાલુકા પંચાયતોના સુત્રધારોના આભારી છીએ.

શ્રી 'જય' પંચોલીએ મુખપૃષ્ઠ ડિઝાઇન કરી આપી તે બદલ તેમના ખૂબ આભારી છીએ. પંકજ પ્રૉસેસ સ્ટયૂડિઓ, રાયપુર, અમદાવાદવાળા શ્રી રમેશભાઈ સરૈયા અમને સેવાભાવે બ્લોક કરી આપે છે તે બદલ આભારી છીએ.

પ્રણવ પ્રિન્ટર્સના શ્રી. પ્રવીણભાઈ ગામીએ આવાં અનેક અમારાં પ્રકાશનોને બનતી ત્વરાએ છાપી આપતાં એમનો અને એમના કર્મચારી-ગણનો આભાર માનીએ છીએ.

—નંદુભાઈ
મેનેજિંગ ટ્રસ્ટી

હરિઃ ૐ આશ્રમ, સુરત
તા. ૧૫-૩-૮૩

# અનુક્રમણિકા


| ક્રમ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | હિંમત ન હાર | ૧ |
| ૨. | દૂધમાં સાકર | ૮ |
| ૩. | ઝઘડવામાં ડહાપણ શું ? | ૧૨ |
| ૪. | સસલાના ભાઈબંધો | ૧૬ |
| ૫. | વાંદરાભાઈ ફાવી ગયા ! | ૨૩ |
| ૬. | ખેડૂતનું ધન | ૨૬ |
| ૭. | દૂધના દૂધમાં ને પાણીના પાણીમાં | ૨૯ |
| ૮. | લાવરી અને તેનાં બચ્ચાં | ૩૧ |
| ૯. | ખાડો ખોદે તે પડે | ૩૬ |
| ૧૦. | કોનું પુણ્ય વધારે ? | ૪૨ |

## ૧
## હિંમત ન હાર

ભગવાન બુદ્ધ જેતવનમાં રહેતા હતા.
તે વખતે ભગવાન પાસે એક જુવાનિયો આવ્યો.
તે સુખી ઘરનો હતો.
ભગવાનના ઉપદેશની તેના મન પર ઊંડી અસર પડી.
તે સાધુ બની ગયો.
ભગવાન પાસે તે રહેવા લાગ્યો.
થોડા વખત પછી ભગવાને તેને સાધના કરવા ક્યાંક જવા કહ્યું.
એટલે તે દૂર જંગલમાં એકાંતમાં ચાલ્યો ગયો.
ઘણા મહિના સુધી તેણે મહેનત કરી.
પરંતુ સાધનામાં તેનું મન લાગ્યું નહિ.
એથી કંટાળીને તે ભગવાન પાસે પાછો આવ્યો.
તેણે ભગવાનને પ્રણામ કરીને કહ્યું:
'ભગવાન, મેં સાધના કરવા તનતોડ ખૂબ મહેનત કરી.
'પણ એમાં હું સફળ થયો નહિ !
'હું ધીરજ હારી ગયો.
'એટલે કંટાળીને આપની પાસે આવ્યો છું.
'કૃપા કરી મને સાચો રાહ બતાવો.'
ભગવાન બુદ્ધ તેની વાત સાંભળીને શાંત અવાજે બોલ્યા:

'ભાઈ, કૂવો ખોદવો હોય, તો ધીરજ ખોયા વિના વળગી રહેવું જોઈએ.'

'તો જ પાણી પામીએ.

'અને આખો કાશીનો કાફલો મોટી આફતમાંથી બચી જાય.'

બધા સાધુઓએ આ સાંભળીને પૂછ્યું :

'ભગવાન, એ કાશીના કાફલાની શી વાત છે?

'અમને એ વાત કૃપા કરી કહો.'

ભગવાન બુદ્ધ કાશીના કાફલાની વાત કહેવા માંડી—

કાશી નગરીમાં એક મોટો શેઠ રહેતો હતો.

એક વખત તેણે પાંચસો ગાડાંમાં ખૂબ માલ ભર્યો.

પછી તે વેપાર કરવા પરદેશ જવા નીકળ્યો.

રસ્તામાં બહુ મોટું રણ આવ્યું.

દૂર દૂર સુધી રેતી જ રેતી દેખાય.

દિવસ થતાં રણ એવું તપી જાય કે જાણે ધીકતી લોઢી!

તેમાં રાતે જ મુસાફરી થાય.

પરોઢિયું થાય એ પહેલાં એ કાફલો ઊભો રહે.

ગાડાંનું ગોળ કૂંડાળું કરી બધા પડાવ નાખે.

ઉપર ચંદરવો બાંધી દે.

ખાવાનું વહેલું પતાવી દે.

આખો દિવસ છાંયડામાં પડી રહે.

બધા નિરાંતે ઊંઘી જાય.

સાંજે સૂરજદાદા આથમી જાય.

એટલે ખાવાપીવાનું પરવારીને કાફલો પાછો આગળ ચાલવા માંડે.

રણમાં દરિયાની માફક રસ્તો કે દિશા કશું ઓળખાય જ નહિ.

રાતે આકાશમાં તારા હોય.

તારાઓને નજરમાં રાખીને જ આગળ ચાલવાનું હોય.

સૌથી આગળના ગાડામાં ભોમિયો બેસે.

તે તારાઓ સામે જોયા કરે.

આખા કાફલાને તે દિશા બતાવ્યા કરે.

કાફલો પણ ભોમિયાની દોરવણી પ્રમાણે આગળ ચાલ્યા કરે.

રણ સાઠ જોજન લાંબું હતું.

મુસાફરી કરતાં કરતાં કાફલાએ ઓગણસાઠ જોજન કાપી નાખ્યા.

હવે એક જ રાતની મુસાફરી બાકી હતી.

તે રાતે બધાએ ખાઈપીને વધારાનું પાણી અને બળતણ ખાલી કર્યાં.

એમ ભાર હળવો કર્યો.

સવાર સુધીમાં રણ પાર કરવાની આશાએ ગાડાં હાંકવા માંડ્યાં.

પેલો ભોમિયો આગળના ગાડામાં આકાશ તરફ નજર રાખીને બેઠો હતો.

તેને ઘણા દિવસનો ઉજાગરો હતો.

વળી તે થાકી પણ ગયો હતો.

હવે થોડાક જ વખતમાં રણ પૂરું થઈ જવાનું હતું.

એટલે એને નિરાંત પણ હતી.

તેથી ભોમિયાની આંખ જરા બેફિકરાઈમાં મીંચાઈ ગઈ.

બળદો રેતીમાં ગાડાને થોડું વાંકું વાળતા વાળતા જ ખેંચી શકે.

એટલે બધો કાફલો થોડું થોડું વાંકો વળતો વળતો સવાર સુધી ચાલ્યા કર્યો.

સવાર થતાં ભોમિયો સફાળો જાગી ગયો.

તેણે ગભરાટમાં આકાશના તારાઓ સામે નજર કરી.

જુએ તો આ શું ?

બધાં ગાડાં ઊંધી દિશામાં ચાલતાં હતાં !

તેણે જોરથી બૂમ પાડી :

'થોભો ! થોભો !'

બધાં ગાડાં થંભી ગયાં.

બધાએ જોયું કે, ભારે ગફલત થઈ ગઈ છે !

આખી રાત સુધી વાંકાં વળતાં વળતાં બધાં ગાડાં અવળી દિશામાં ચાલ્યાં હતાં !

બધા નિરાશ થઈ ગયા.

સૌએ ગાડાં છોડચાં.

ચંદરવો બાંધ્યો.

પણ પાસે પાણી હતું જ નહિ.

એટલે રાંધે શાના વડે અને પીએ પણ શું ?

બળદો બાપડા પણ તરસથી હાંફતા હતા.

બધાને થયું :

'આ રણમાં કમોતે મરવાનો વારો આવ્યો !

'હવે કરવું પણ શું ?'

બધા પોતપોતાનાં ગાડાંમાં કપાળે હાથ દઈ ને બેસી પડચા.

કાફલાના શેઠે આ જોયું.

શેઠે વિચાર્યું :

'જો હિંમત હારીને હું પણ આમ કપાળે હાથ દઈ ને બેસીશ, તો પાણી વિના સૌ ચોક્કસ મરી જઈશું !

'મારે કોઈ ઉપાય શોધવો રહ્યો.'

હજી ટાઢો પહોર હતો.

શેઠે આસપાસ બારીકાઈ થી નજર કરતાં કરતાં જલદી જલદી તપાસ કરવા માંડી.

તેણે થોડે દૂર રેતી ઉપર ઘાસનો એક ગુચ્છો જોયો.

તે તરત જ ત્યાં દોડી ગયો.

એ સ્થળે ઘાસનો એ ગુચ્છો અડધોપડધો બહાર નીકળ્યો હતો.

શેઠને થયું :

'જરૂર, આ જગાએ રણમાં નીચે પાણી હોવું જોઈએ.

'નહિ તો ઘાસનો ગુચ્છો જીવતો રહી શકે નહિ.'

શેઠે પોતાના એક મજૂર પાસે કોદાળી મગાવી.

પેલી જગાએ શેઠે મજૂરને ખોદવા કહ્યું.

ખોદતાં ખોદતાં કોદાળી અચાનક એક ખડક સાથે અથડાઈ !

એ અવાજ સાંભળીને પાછા બધા નિરાશ થઈ ગયા.
ખડક આવ્યો, પણ પાણી ન આવ્યું !
હવે શું થાય ?
શેઠ પણ મનમાં નિરાશ થઈ ગયા.
પણ તે હિંમત હાર્યા નહિ.
તે ખાડામાં ધીમેથી ઊતર્યા.
ખડક પાસે કાન માંડીને તે સાંભળવા લાગ્યા.
તેણે ખડક નીચે વહેતા પાણીનો અવાજ સાંભળ્યો !
તેણે એક ઘણ મગાવ્યો.
ખોદનારને તેણે હિંમત આપી કહ્યું :
'આ ખડક પર જોરથી ઘા કર.
'આ ખડક નીચેથી જરૂર પાણી નીકળશે.'
મજૂરે ખડક પર ઘા કરવા માંડ્યા.
ખડક પોલો જ હતો.
એટલે ઉપરાઉપરી ઘા પડતાં ખડક ફાટ્યો.
અંદરથી પાણી સુસવાટ કરતું ઊંચે ઊડવા માંડ્યું.
બધા રાજી રાજી થઈ ગયા.
બધાએ પેટ ભરીને પાણી પીધું.
બળદોને ધરાઈને પાણી પાયું.
પછી રસોઈ કરીને બધા આનંદભેર જમ્યા.
સૂરજ આથમવા આવ્યો.
શેઠે કૂવા પાસે ધજા રોપી.
જેથી બીજા વટેમાર્ગુઓને પાણીનો લાભ મળે.
પછી સૌ આગળ ચાલ્યા.

સવાર સુધીમાં આખો કાફલો રણને હેમખેમ પાર કરી ગયો.

આટલું કહીને ભગવાન બુદ્ધે પેલા જુવાન સાધુને કહ્યું :

'ભાઈ, કંઈક મુશ્કેલી આવતાં હિંમત હારી જઈને બેસી ન પડવું.

'તો જ કૂવામાં ખડક આવવા છતાં પાણી પામીએ.'

પેલો જુવાન સાધુ આ વાત સાંભળી ફરી પાછો ટટાર થઈ ગયો.

પોતાને ઠેકાણે તે પાછો ચાલ્યો ગયો.

હિંમત હાર્યા વિના તે મંડ્યો રહ્યો.

છેવટે તે સાધનામાં સફળ થયો.

## ૨

## દૂધમાં સાકર

ઘણાં વરસ પહેલાંની આ વાત છે.

દક્ષિણ ગુજરાતમાં સંજાણ નામનું બંદર છે.

એક દિવસ ત્યાંના દરિયામાં દૂરથી એક વહાણ આવતું દેખાયું.

દરિયા કિનારે રહેલા કેટલાક લોકોનું એ તરફ ધ્યાન ગયું.

એ જોઈને તેઓ બોલી ઊઠચાઃ

'આજે કોઈ વેપારીનું વહાણ તો આવવાનું છે નહિ.

'તો પછી આ કોનું વહાણ હશે?

'એ આ બાજુ ભૂલું તો નથી પડ્યું ને?'

થોડી વારમાં વહાણ કિનારે આવી પહોંચ્યું.

પણ એ કોઈ વેપારીનું વહાણ જણાતું ન હતું.

ત્યારે એ કોનું વહાણ હશે?

લોકો આતુરતાથી જોવા લાગ્યા.

વહાણ કિનારે લાંગરવામાં આવ્યું.

તેમાં બેઠેલા લોકો ધીમે ધીમે ઊતરીને કિનારે આવ્યા.

તેઓ પરદેશી લાગતા હતા.

તેઓ બધા ભારે વિમાસણમાં હોય, એમ લાગતું હતું.

ગામના લોકોએ પૂછપરછ કરી.

એટલે જાણવા મળ્યું કે—

તેઓ ઈરાન દેશના વતની પારસીઓ હતા.

ઈરાનમાં પારસીઓને પરાણે વટલાવવામાં આવતા હતા.

તેથી તે લોકોએ પોતાના ધર્મનું રક્ષણ કરવા પોતાનો દેશ છોડયો હતો.

પરદેશીઓને કોઈ પોતાના મુલકમાં ઝટ પેસવા ન દે.

પરંતુ આ પારસીઓને વિશ્વાસ હતો કે—

ગુજરાતમાં તેમને આશરો મળશે.

સંજાણમાં તે વખતે એક હિંદુ રાજા રાજ્ય કરતો હતો.

તેનું નામ હતું જાદે રાણા.

પારસીઓએ રાણા પાસે પોતાનો એક માણસ મોકલ્યો.

એ માણસે રાજાને બધી વાત સમજાવીને કહી સંભળાવી.

પછી તેણે રાજાને અરજ કરી :

'હે રાજાસાહેબ, અમને આપના રાજ્યમાં રહેવાની રજા આપો.

'અમે આપનો ખૂબ ખૂબ આભાર માનીશું.

'હમેશને માટે આપના વફાદાર રહીશું.

'અમારા ઉપર આટલી રહેમ કરો.'

રાણાએ એની વાત શાંતિથી સાંભળી.

પછી રાણાએ એ માણસને દૂધથી છલોછલ ભરેલો પ્યાલો આપ્યો.

રાણાએ તેને કહ્યું :

'તમારા આગેવાનને આ આપજો.'

દૂધનો ભરેલો પ્યાલો લઈને તે માણસ બંદરે આવ્યો.

તેણે એ પ્યાલો પોતાના આગેવાનને આપ્યો.

પ્યાલો જોઈને બધા પારસીઓ વિચારમાં પડી ગયા :

'દૂધથી ભરેલા પ્યાલાનો શો અર્થ ?'

પારસીઓના આગેવાને પ્યાલો હાથમાં લીધો.

થોડી વાર તે આંખો મીંચીને શાંત બેસી રહ્યો.

પછી આગેવાને એક માણસ પાસે સાકર મગાવી.

આગેવાને પેલા દૂધથી છલોછલ ભરેલા પ્યાલામાં ધીરે ધીરે થોડી સાકર નાખી.

દૂધ ઢળ્યા વગર સાકર તેમાં ભળી ગઈ.

પછી એ સાકરવાળો દૂધનો પ્યાલો તેણે રાણા પાસે પાછો મોકલ્યો.

રાણાએ પ્યાલો લીધો.

દૂધ ચાખી જોયું.

રાણા જાદે ખુશ થયો.

તેને પોતાના સવાલનો જવાબ મળી ગયો.

પારસીઓને સંજાણમાં આશરો મળ્યો.

રાણાને શો જવાબ મળ્યો ?

રાણાએ શું પૂછ્યું હશે ?

રાણાએ દૂધથી છલોછલ ભરેલો પ્યાલો મોકલ્યો હતો.

એનો અર્થ એ હતો—

'પ્યાલાના દૂધ પેઠે, મારા રાજ્યમાં વસ્તી છલોછલ ભરેલી છે.

'તેમાં તમને બધાને કેવી રીતે સમાવું ?'

પારસીઓના આગેવાને તે દૂધથી ભરેલા પ્યાલામાં સાકર ઉમેરી.

એ રીતે તેણે રાણાને જવાબ મોકલ્યો :

'હે રાણા, દૂધમાં સાકર ભળી જાય છે, તેમ અમે તમારી વસ્તીમાં સમાઈ જઈશું.'

અને ખરેખર, ત્યારથી પારસીઓ ગુજરાતમાં ભળી ગયા.

ગુજરાતી થઈને તેઓ રહે છે.

તેમણે ગુજરાતીને પોતાની માતૃભાષા કરી છે.

બધાની સાથે સંપથી રહે છે.

તેઓ ગુજરાતના, આપણા દેશના જ બની ગયા છે.

૩

## ઝઘડવામાં ડહાપણ શું ?

ઘણાં ઘણાં વરસ પહેલાંની આ વાત છે.

ક્ષત્રિયોના બે વંશ હતા.

એક શાક્યવંશ અને બીજો કોલીયવંશ.

તેઓ ભાઈ ભાઈ થાય.

તેઓ રોહિણી નદીને સામસામે કિનારે આવેલાં બે ગામમાં રહે.

તેઓ હળીમળીને સંપીને રહેતા હતા.

તેઓ બધાએ મળીને રોહિણી નદીના નાના પ્રવાહને બંધ વડે બાંધી લીધો હતો.

એ બંધના પાણી વડે એ લોકો પોતપોતાનાં ખેતરોમાં ખેતી કરતા હતા.

બંને લોકોએ પોતાનાં ખેતરોમાં ડાંગર રોપી હતી.

જેઠ મહિનો આવ્યો.

તાપ સખત પડતો હતો.

તે વખતે ડાંગરનો રોપ કરમાવા લાગ્યો.

એટલે બંને ગામના ખેડૂતો ભેગા થયા.

કોલીય લોકો બોલ્યા :

'નદીનું પાણી બંને બાજુના ખેતરોમાં જો વાળીશું, તો કોઈને લાભ નહિ થાય.

'ન તમને પૂરતું થાય, ન અમને.

'અમારો પાક તો હવે એક પાણીથી જ તૈયાર થઈ જાય એવો છે.

'માટે પ્રવાહનું બધું પાણી અમને વાળી લેવા દો.'

એ સાંભળીને સામાવાળા શાક્ય લોકો બોલી ઊઠ્યા :

'વાહ ! ભાઈ, વાહ !

'તમે અમને મૂરખ સમજો છો કે શું ?

'તમે તમારા કોઠારો અનાજથી ભરી લો.

'પછી અમે અનાજ વેચાતું લેવા માટે તમારે આંગણે ભીખ માગવા આવીએ ?

'અમારો પાક પણ એક જ પાણીથી તૈયાર થાય એવો છે.

'એટલે આ પાણી પહેલાં અમને જ લેવા દો તો સારું.'

કોલીય લોકો પોતાની વાત પકડી રાખીને મોટે અવાજે બોલ્યા :

'ના, ના. એ નહિ બને !

'અમે તમને પહેલાં પાણી લેવા નહિ દઈએ !

'અમારો હક પહેલો.'

શાક્ય લોકો એમ નમતું આપે એવા ન હતા.

તેઓ બાંયો ચડાવીને બોલ્યા :

'અમને નમાલા સમજ્યા કે શું ?

'અમે પણ તમને નહિ લેવા દઈએ !

'જોઈએ તો ખરા, તમે કેમ પાણી લો છો !'

આમ બોલાચાલી વધી પડી.

એવામાં એક જણે ઉશ્કેરાઈને સામાવાળા એક ખેડૂતને તમાચો લગાવી દીધો!

પેલાએ પણ સામો તમાચો મારી દીધો.

પછી જોવાનું જ શું?

એમાંથી વાત વધી પડી.

બંને પક્ષ ભાન ભૂલ્યા.

માન-મર્યાદા વીસરી ગયા.

એકબીજાના કુળની નિંદા કરવા લાગી ગયા.

પછી તો તેઓ ગાળાગાળી અને મારામારી ઉપર આવી ગયા.

ક્ષત્રિય બચ્ચા એટલે પૂછવું જ શું?

ખેતીના ઓજારો બાજુએ રહ્યા.

તલવાર–ભાલા લઈને બંને પક્ષ સજ્જ થઈ ગયા.

એક પક્ષે પડકાર કર્યો:

'આવી જાઓ, જોઈએ તો ખરા તમારું જોર!'

બીજો પક્ષ તાડૂકી ઊઠયો:

'આવી જાઓ, અમે પણ જોઈએ તમે કેવા જોરાવર છો!

'ઊભી પૂંછડીએ ભાગવું પડશે.'

થોડી વારમાં તલવારો ખેંચાઈ હોત.

સામસામે લોહી રેડાયું હોત.

તેવામાં એક સાધુપુરુષ ત્યાં આવી ચડયા.

બંને પક્ષના તે આદરપાત્ર હતા.

સાધુપુરુષે હાથ ઊંચા કરીને કહ્યું:

'ભાઈઓ, થોભો, થોભો!

'આ શું ગાંડપણ તમે કરી રહ્યા છો!'

બંને પક્ષવાળા ઉશ્કેરાટ સાથે પોતપોતાની વાત સાધુપુરુષને કહેવા લાગ્યા.

સાધુપુરુષે સૌને શાંત પાડીને પૂછ્યું:

'ભાઈઓ, જરા સાંભળો.

'આ પાણીની કિંમત કેટલી ગણો છો?

બંને પક્ષે કહ્યું:

'પાણીની વળી શી કિંમત?

'બહુ બહુ તો એક ફસલ જેટલી!'

સાધુપુરુષે બીજો સવાલ પૂછ્યો:

'હવે એક માણસના જીવની કિંમત કેટલી?'

બંને પક્ષ બોલી ઊઠ્યા:

'માણસના જીવની તે વળી કિંમત ગણાય?

'તે તો ખૂબ અમૂલ્ય કહેવાય.'

સાધુપુરુષે ગંભીર બની કહ્યું:

'તો પછી, ભાઈઓ, થોડીક ફસલ જેટલી કિંમતના પાણી માટે તમે ભાઈ ભાઈ સેંકડોની સંખ્યામાં કપાઈ મરવા તૈયાર થયા છો!

'એમાં શું ડહાપણ છે?'

સાધુપુરુષની વાત સાંભળીને બંને પક્ષના લોકો ઠંડા પડી ગયા.

એ લોકોને પોતાની ભૂલ સમજાઈ.

એ ઝઘડાનો તેઓ સમજીને નિવેડો લાવ્યા.

## ૪

## સસલાના ભાઈબંધો

એક વગડામાં એક સસલું રહેતું હતું.

તે રોજ લીલું લીલું ઘાસ ખાતું હતું અને લહેરથી રહેતું હતું.

એક દિવસ તે રોજની માફક શાંતિથી ઘાસ ખાતું હતું.

એવામાં તેણે દૂર દૂરથી કૂતરાઓનો ભસવાનો અવાજ સાંભળ્યો.

સસલું ગભરાઈ ગયું.

તેણે કાન ઊંચા કરીને એ દિશા ભણી નજર કરી.

શિકારી કૂતરાઓ તેની તરફ જોરથી ધસી આવતા દેખાયા !

સસલું ખૂબ ઝડપથી ભાગ્યું.

પાસેની ઝાડીમાં તે લપાઈ ગયું.

શિકારી કૂતરાઓ ઝાડી પાસે આવ્યા.

આમતેમ તપાસ કરીને પાછા ફર્યા.

થોડો વખત પસાર થઈ ગયો.

વગડામાં શાંતિ ફેલાઈ ગઈ.

સસલું ધીમેથી બહાર નીકળ્યું.

પરંતુ હવે તેની નિરાંત જતી રહી.

ઘાસ ચરતાં ચરતાં સસલું ફફડાટમાં આમતેમ જોયા કરતું.

કૂતરા આવતા નથી ને!

હવે વગડા નજીક એક ગામ હતું.

ગામમાં એક વાણિયાભાઈ રહે.

તેનો ઘોડો રોજ વગડામાં ચરવા આવે.

ગામના એક ખેડૂતની ગાય પણ ત્યાં રોજ ચરવા આવે.

ગામમાં એક કુંભાર હતો.

તેનો ગધેડો પણ વગડામાં ચરવા આવે.

ગામમાં ઘરડાં અમ્મા રહેતાં હતાં.

અમ્માની બકરી પણ સૌની સાથે વગડામાં લીલું મજાનું ઘાસ ચરવા આવે.

ચારે જણ નજીક નજીક ચરે.

સાંજ પડે, એટલે સાથે જ ગામ ભણી વાતો કરતાં ધીમે ધીમે જાય.

ચારે જણની દોસ્તી હતી.

સસલું એમને રોજ જુએ.

એક દિવસ સસલાને મનમાં થયું:

'ઘોડો, ગાય, ગધેડો અને બકરી કેવાં લહેરથી ચરે છે!

'તેમને કોઈનો ડર જ નથી.

'હું એકલું એકલું ભયથી ફફડી મરું છું!

'આ લોકોની દોસ્તી કરું તો કેવું સારું!

પછી કૂતરાઓથી ડરવાનું ન રહે.

'આ બધાં જરૂર મારી વહારે દોડી આવે.

'બધાં મળીને કૂતરાને ભગાડી મૂકે.

'લાવ, આ લોકોની દોસ્તી કરું.'

એમ વિચારીને સસલું ઘોડા પાસે ગયું.

તે પ્રેમથી બોલ્યું:

'ઘોડાભાઈ, ઘોડાભાઈ, તમે મને તમારો ભાઈબંધ બનાવશો ?'

'ઘણી ખુશીથી, આવી જાઓ અમારી ટોળીમાં.'

ઘોડાએ તરત જ ગાયને, ગધેડાને અને બકરીને બોલાવ્યાં.

સસલાભાઈનો પરિચય કરાવ્યો.

ગાય, ગધેડો અને બકરી પણ નવા દોસ્તારને જોઈ રાજી રાજી થઈ ગયાં.

ગાય બોલી ઊઠી:

'બહુ આનંદની વાત છે.

'ચાર કરતાં પાંચ ભલા.

'નાનકડા સસલાભાઈ સાથે મજા પડશે.'

સસલું આનંદથી નાચી ઊઠ્યું.

તેને મન સોનાનો સૂરજ ઊગ્યો.

સસલું તો ઘોડા, ગાય, ગધેડા અને બકરી સાથે હળે મળે.

મીઠી મીઠી વાતો કરે.

લહેરથી હરિયાળું કૂણું કૂણું ઘાસ ખાય.

હવે શિકારી કૂતરા શું કરવાના હતા ?

એકલો ઘોડો જ સૌને પૂરો પડે એવો છે.

આમ દિવસો સુખેથી પસાર થવા લાગ્યા.

હવે સસલું નિર્ભય બન્યું હતું.

જરા દૂર જઈને પણ એકલું એકલું કૂમળું ઘાસ ચરવા તે જતું.

સસલાને થતું:

'ઘોડો થોડેક દૂર જ ચરે છે.

'ગાય પણ એકલી એકલી બીજી બાજુ લહેરથી ચરી રહી છે.

'ગધેડો પણ આઘે ચરવા એકલો નીકળી પડે છે.

'બકરી પણ કેવી એકલી નિરાંતે ચરે છે!

'મને પણ હવે કૂતરાથી ડરવાની શી જરૂર છે?

'મારા આ બધા ભાઈબંધોને હાક મારતાં કેટલી વાર?

'તેઓ બધાં દોડતાં દોડતાં મને મદદ કરવા દોડી આવશે.

'કૂતરાનું હવે નહિ ચાલે.

'ઊભી પૂછડીએ કૂતરાને ભાગવું પડશે.

'એ જોવાની કેવી મજા પડશે!'

આવા આવા વિચારો કરી સસલાભાઈ મનમાં ને મનમાં મલકાતા.

એક દિવસ સસલું જરા દૂર એકલું એકલું નિરાંતે ચરતું હતું.

એવામાં તેણે કૂતરાનો ભસવાનો અવાજ સાંભળ્યો.

જુએ તો, એક કૂતરો તેની ભણી ઝડપભેર દોડતો

દોડતો આવતો હતો !

નજીકમાં ગાય ચરતી હતી.

સસલું ગાય પાસે દોડી ગયું.

તે ગભરાતું ગભરાતું બોલ્યું :

'ગાયમાતા, ગાયમાતા !

'પેલો કૂતરો મને મારવા આવી રહ્યો છે.

'તે મને મારી નાખશે !

'તમે એને તમારાં શીંગડાં વતી મારી હઠાવો.'

ગાય બેફિકરાઈથી બોલી :

'સસલાભાઈ, તમે મોડા પડચા !

'મને ઘેર જવાનો વખત થયો છે.

'મારી વાછરડી ઘેર મારી રાહ જોતી હશે.

'તે ભૂખી થઈ હશે.

'તમે ઘોડાભાઈ પાસે જાઓ.'

સસલું દોડતું દોડતું ઘોડા પાસે ગયું.

ફફડતું ફફડતું સસલું બોલ્યું :

'ઘોડાભાઈ, ઘોડાભાઈ !

'મારી વહારે આવો.

'પેલો કૂતરો મને ખતમ કરી નાખશે !

'તમે મને તમારી પીઠ પર બેસાડીને દૂર દૂર લઈ જાઓ.

'મિત્ર પર આટલી મહેરબાની કરો.'

ઘોડો માથું હલાવીને બોલ્યો :

'સસલાભાઈ મારું આ કામ નહિ.

'મારે રોજ અહીં ચરવા આવવાનું થાય.

'કૂતરા સાથે વેર બાંધવામાં સાર નહિ.

'મારો માલિક પણ રાજી ન થાય.

'માલિકના હુકમ વગર હું કંઈ નહિ કરું.

'તમે જ ઝડપથી ભાગીને ક્યાંક સંતાઈ જાઓ તો સારું.

'નકામો વિલંબ ન કરો.'

ઘોડાની વાત સાંભળીને બિચારું સસલું સાવ હતાશ થઈ ગયું.

હવે શું થાય?

તે દોડતું દોડતું ગધેડા પાસે ગયું.

સસલું ધ્રૂજતું ધ્રૂજતું બોલ્યું :

'ગધેડાભાઈ, ગધેડાભાઈ!

'મારા પર દયા કરો.

'પેલો શિકારી કૂતરો મારી પાછળ પડ્યો છે.

'તે મને ઠાર મારી નાખશે!

'તમે એને લાતે લાતે પૂરો કરો.'

ગધેડો અકળાઈને બોલી ઊઠ્યો :

'અરે સસલાભાઈ, તમે પણ ખરા છો!

'કૂતરા આગળ મારું શું ગજું?

'એ જો મને કરડે, તો મારા ભોગ જ લાગે!

'હું જ રિબાઈ રિબાઈને મરી જાઉં.

'માટે તમે જ નજીકની ઝાડીમાં જલદી જલદી સંતાઈ જાઓ.

'ઊગરવાનો બીજો કોઈ ઉપાય નથી.'

સસલું બાપડું ખૂબ જ નિરાશ થઈ ગયું.

છેવટના ઉપાય તરીકે તે બકરી પાસે દોડી ગયું.

તે બકરીને કહેવા લાગ્યું :

'બકરીબહેન, બકરીબહેન !...'

સસલું આગળ કહેવા જાય, ત્યાં જ બકરી બોલી ઊઠી :

'સસલાભાઈ, તમે મારી પાસે મહેરબાની કરીને આવશો જ નહિ.

'તમારી સાથે મને પણ કૂતરો પીંખી નાખશે !

'અહીંથી જલદી ભાગો.'

એમ કહીને બકરી ગામ ભણી નાસવા લાગી.

સસલું સાવધ થઈ ગયું.

તેને થયું :

'બીજાને ભરોસે રહેવામાં સાર નહિ.

'હવે હું જ મારો જીવ બચાવું.'

એમ વિચારીને સસલું જીવ લઈને ખૂબ ઝડપથી ભાગ્યું.

દૂર ઝાડીમાં તે લપાઈ ગયું.

કૂતરો ભસતો ભસતો ઝાડી પાસે આવ્યો.

પણ અંદર ઘૂસે શી રીતે ?

તે વીલે મોઢે પાછો ફર્યો.

થાકેલું સસલું ઝાડીમાં નિરાંતે ઊંઘી ગયું.

## ૫

## વાંદરાભાઈ ફાવી ગયા !

એક દિવસ બે બિલાડીઓ કોઈના ઘરમાં છાનીમાની પેઠી.

ઘરમાં કોઈ ન હતું.

રોટલાનું વાસણ ઉઘાડું હતું.

એમાં એક રોટલો હતો.

રોટલો લઈને બિલાડીઓ બહાર નીકળી ગઈ.

એક ઝાડ નીચે જઈને રોટલાનો ભાગ કરવા બેઠી.

હવે રોટલાના બરાબર બે સરખા ભાગ કોણ કરે ?

એ બાબતમાં તે બે બિલાડીઓ ઝઘડી.

એક બિલાડી કહે :

'તને સરખા ભાગ કરતાં આવડતું નથી.

'તું સરખા ભાગ નહિ કરે.'

બીજી બિલાડી બોલી ઊઠી :

'હવે બેસ, બેસ ! તું મોટી કોણ આવી !

'તું તો સાવ બાઘી છે !

'તને જ સરખા ભાગ કરતાં નહિ આવડે.

'ભાગ તો હું જ પાડીશ.'

આમ બંને એકબીજી સામે ઘુરકિયાં કરવા લાગી ગઈ.

હવે એક વાંદરો ઝાડ ઉપર બેઠો હતો.

તે આ તકરાર સાંભળતો હતો.
તે ઝાડ પરથી નીચે આવ્યો.
તે ઠાવકું મોં રાખી બોલ્યો :
'અરે, આમ ઝઘડો શું કરો છો ?
'લાવો, હું તમને સરખા બે ભાગ કરી આપું.
'હું બાજુના ઘરમાંથી ત્રાજવું લઈ આવું.
'પછી તમને તોળીને બરાબર સરખા ભાગ કરી આપું.
'બોલો, છો કબૂલ ?'
બિલાડીઓએ હા પાડી.
એટલે વાંદરો ત્રાજવું લઈ આવ્યો.
પછી તે બંને પલ્લાંમાં રોટલાના બે કકડા મૂકી તોળવા લાગ્યો.
બંને બિલાડીઓ ડાહી થઈને એ જોઈ રહી.
એક પલ્લામાંનો રોટલાનો ટુકડો જરા વધારે મોટો હતો.
એટલે તે પલ્લું નીચું નમ્યું.
એ ટુકડો જરા નાનો કરવા વાંદરે તેમાંથી બચકું ભરીને ખાઈ લીધું.
પછી તેણે ત્રાજવું ઊંચકી જોયું.
તો બચકું ભરેલો ટુકડો વધારે હલકો થઈ ગયો.
એટલે તે પલ્લું ઊંચું ગયું.
હવે શું કરવું ?

આ બાબતમાં વાંદરાભાઈ મૂંઝાઈ એવા ન હતા.

તેણે સામા પલ્લાના ટુકડાને થોડો હલકો કરવા તેમાંથી બચકું ભર્યું!

એમ દરેક પલ્લામાંના રોટલાના ટુકડાને તેણે વારાફરતી બચકાં ભરવા માંડયાં.

પણ એકે વખત રોટલાના બન્ને કકડા બરાબર સરખા થયા નહિ!

છેવટે એક નાનો કકડો એક બાજુના પલ્લામાં બાકી રહ્યો.

વાંદરાએ એ કકડો પેલી બે બિલાડીઓને બતાવીને ઠાવકું મોં કરી કહ્યું :

'મેં તમને રોટલો વહેંચી આપવા આટલી બધી મહેનત કરી.

'તેના મહેનતાણા તરીકે આટલો કકડો મને મળવો જોઈએ.'

આમ કહીને વાંદરાભાઈ કકડો લઈને કૂદકો મારી ઝાડ પર ચઢી ગયા!

તે લહેરથી કકડો ખાવા લાગ્યો.

બંને બિલાડીઓ અત્યાર સુધી વાંદરાની આ રમત જોઈ રહી હતી.

તેમની સાન હવે ઠેકાણે આવી.

તે પસ્તાઈને કહેવા લાગી :

'આપણે તકરાર કરવાને બદલે સંપીને રોટલાના બે કકડા કરી લીધા હોત, તો કેવું સારું થાત?

'આ તો હાથ આવેલો રોટલો આપણે જાણી જોઈને ગુમાવ્યો !

'વાંદરો નાહક ફાવી ગયો !'

'બેની લડાઈમાં ત્રીજો ફાવે,' તે આનું નામ.

૬

## ખેડૂતનું ધન

એક હતો ખેડૂત.

તેનું નાનકડું ખેતર હતું.

તે ખૂબ મહેનત-મજૂરી કરીને પોતાના કુટુંબનું ભરણપોષણ કરતો હતો.

વખત જતાં તે ઘરડો થયો.

તેની તબિયત બગડવા લાગી.

આખરે તે પથારીવશ થઈ ગયો.

તેને એક ચિંતા સતાવવા લાગી.

તેના છોકરા આળસુ અને એદી હતા.

ડોસાને થતું હતું :

'મારા પછી ઘરનું શું થશે ?

'બધાંને ભૂખે મરવાનો વારો આવશે !'

એક દિવસ ડોસાએ છોકરાઓને પોતાની પથારી પાસે બોલાવ્યા.

ડોસાએ ધીમે ધીમે કહ્યું :

'દીકરાઓ, જુઓ, હવે હું ખર્યું પાન ગણાઉં.

'હું હવે થોડા દિવસનો મહેમાન છું.

'મરી જાઉં એ પહેલાં તમને એક ખાસ વાત કહી દઉં.

'મારી પાસે એક નાનકડું ખેતર જ હતું.

'પણ રાતદિવસ મહેનત-મજૂરી કરીને થોડું કમાયો છું.

'એમાંથી આજે બેત્રણ ખેતરો આપણાં થયાં છે.

'તમને આપવા જેવું મારી પાસે બીજું શું છે ?

'પણ મારી વાત ધ્યાનથી સાંભળો.

'મેં મારું જે કંઈ ધન છે, તે ખેતરોમાં દાટેલું છે.

'તે બધું તમે વહેંચીને સંપથી રહેજો.

'બસ, મારે તમને આટલું જ કહેવાનું છે.'

છોકરાઓ બાપાની વાત સાંભળીને રાજી રાજી થઈ ગયા.

તેમને થયું :

'બાપાનું ધન ખેતરમાં દાટેલું પડયું છે.

'તે ખોદી કાઢીને તે વડે સુખે રહીશું.

'બાપાના છેલ્લા દિવસો છે.

'ધન કયા ખેતરમાં કયાં દાટયું છે, એ પૂછવાની હમણાં શી જરૂર છે ?'

એમ માનીને તેમણે મનમાં નિરાંત વાળી.

થોડા વખતમાં ડોસો ખેડૂત ગુજરી ગયો.

હવે તેના છોકરાઓએ વિચાર કર્યો :

'બાપે ખેતરમાં ધન દાટયું છે.

'આપણે હવે ખોદી લાવીએ.

'બાપા આપણને કહી નથી ગયા કે, કઈ જગાએ ધન દાટેલું છે.

'પણ આપણને ધન જોઈએ છે.

'એટલે મહેનત ઉઠાવીને પણ બધાં ખેતરો ખોદી કાઢીશું.

'ધનનો ચરુ મળી જાય તો બસ.

'પછી આખી જિંદગી લીલાલહેર કરીશું.'

આમ વિચારીને જુવાનિયાઓ કોદાળી પાવડા લઈને વહેલી સવારે નીકળી પડ્યા.

ખેતરમાં જઈ ઉત્સાહભેર તેઓ ખોદવા મંડી પડ્યા.

તેમનાં ત્રણે ખેતરોમાં જ્યાં ત્યાં બધે તેઓ ખોદી વળ્યા.

પરંતુ આ શું?

ક્યાંય પણ ધનનો ચરુ હાથ લાગ્યો નહિ!

છોકરાઓ હતાશ થઈ ગયા.

તેઓ બબડતા બબડતા ઘેર પાછા ફર્યા.

તેમને થયું:

'બાપા આપણને અંત સમયે ખોટું તો નહિ જ કહે.

'પણ જરૂર કોઈ ધન ચોરી ગયું હશે!

'આપણા નસીબમાં નહિ, પછી શું થાય?'

ચોમાસું બેઠું.

છોકરાઓએ ખેતરમાં બી વાવ્યાં.

અને તે વરસે બરોબર ખોદાયેલાં ખેતરોમાં પાક

એવો ઊતર્યો કે ન પૂછો વાત!

છોકરાઓને કરેલી મહેનતનું પૂરેપૂરું વળતર મળી ગયું.

છોકરાઓ હવે સમજ્યા કે—

'ખેતરમાં બાપાએ ધન દાટેલું છે, એમ કહ્યું હતું.

'એનો અર્થ એ કે, બરાબર મહેનત કરીએ તો,

'ખેડૂતનું ધન ખેતરમાંથી મળતું જ રહે.'

## ૭

## દૂધના દૂધમાં ને પાણીના પાણીમાં

એક હતી ભરવાડણ.

તે રોજ પાસેના શહેરમાં દૂધ વેચવા જાય.

રસ્તામાં એક છીછરી નદી આવતી હતી.

એક દિવસ તેની સાથે બીજી ભરવાડણ પણ દૂધ વેચવા નીકળી.

તે દિવસે પેલી ભરવાડણની દાનત બગડી.

તેને થયું :

'મારું દૂધ ચોખ્ખું છે.

'એમાં થોડું પાણી ઉમેરું તો કશો વાંધો નહિ આવે.

'ઘરાકના મનમાં જરાયે શંકા આવશે નહિ.

'મને વધારે ફાયદો થશે.'

એમ વિચારીને તેણે નદી ઓળંગતી વખતે થોડું

પાણી દૂધમાં રેડી દીધું.

પેલી બીજી ભરવાડણે આ જોયું.

પણ તે કશું બોલી નહિ.

શહેરમાં જઈ ભરવાડણે દૂધ વેચ્યું.

આજે તેને થોડા વધારે પૈસા મળ્યા હતા.

એટલે તે મનમાં હરખાતી હતી.

બંને ભરવાડણો નદી ઓળંગવા લાગી.

પેલી ભરવાડણને તરસ લાગી.

એટલે તે નીચે નમી પોશ ભરીને પાણી પીવા લાગી.

તે વખતે તેના ખીસામાંથી થોડા પૈસા પાણીમાં પડી ગયા.

તેણે નીચા નમીને પૈસા શોધવા ઘણી મહેનત કરી.

પણ તે પૈસા હાથ આવ્યા નહિ.

તેથી તે ઘણી હાયવોય કરવા લાગી.

આ જોઈને બીજી ભરવાડણ બોલી :

'બાઈ, નકામી હાયવોય શા માટે કરે છે?

'આજે તેં વેચવા જતી વખતે દૂધમાં નદીનું પાણી ભેળવ્યું હતું.

'તેના જે પૈસા તને મળ્યા હતા, તે પાણીમાં ગયા એમ સમજીને સંતોષ માન!'

પેલી ભરવાડણને પણ મનમાં થયું :

'મારી બહેનપણીની વાત સાચી છે.

'દૂધના દૂધમાં ને પાણીના પાણીમાં!'

## ૮

## લાવરી અને તેનાં બચ્ચાં

એક હતી લાવરી.

તેણે ઘઉંના ખેતરમાં માળો બાંધ્યો.

લાવરીએ માળામાં ઈંડા મૂક્યાં.

રોજ તે ઈંડાં ઉપર બેસતી.

આમ તે ઈંડાને સેવતી હતી.

થોડા દિવસો પછી એ ઈંડાંમાંથી નાનાં નાનાં બચ્ચાં નીકળ્યાં.

લાવરી બચ્ચાં જોઈને રાજી રાજી થઈ ગઈ.

લાવરી આસપાસથી ચાંચમાં જાતજાતનો ખોરાક લાવે.

માળામાં બચ્ચાંનાં મોંમાં ખોરાક મૂકે.

બચ્ચાં હોંશે હોંશે ખાય.

ધીમે ધીમે બચ્ચાંને પાંખ ફૂટવા લાગી.

થોડું થોડું ઊડતાં શીખ્યાં.

શિયાળો પૂરો થવા આવ્યો.

ખેતરમાં ઘઉંનો પાક તૈયાર થઈ ગયો.

આખું ખેતર પીળું પીળું દેખાવા લાગ્યું.

એક દહાડો ખેડૂત પટેલ ખેતરે આવ્યો.

સાથે તેનો મોટો દીકરો હતો.

પટેલે ખેતર પર બધે નજર ફેરવી.

તે હરખાતો હરખાતો પોતાના દીકરાને કહેવા લાગ્યો :

'મગન, ઘઉં મજાના તૈયાર થઈ ગયા છે.

'હવે વાઢી લઈએ તો સારું.

'પેલું ભૂલાકાકાનું ખેતર જો.

'એ તો ક્યારનું વઢાઈ પણ ગયું.'

મગન તૈયાર થયેલો ઘઉંનો પાક જોઈને ઉત્સાહથી બોલ્યો :

'હા બાપા, હવે મોડું શા માટે કરવું ?

'આપણે કાલથી જ ઘઉં વાઢવાનું શરૂ કરી દઈએ.'

પટેલે કહ્યું :

ઠીક ત્યારે, દીકરા, આજે તું આપણા ફળિયામાં બધાંને કહી આવજે.

'કાલે બધાં કાપણી કરવા આવે.'

લાવરીનો માળો નજીકમાં જ હતો.

બચ્ચાંએ ખેડૂત અને તેના દીકરાની આ વાત સાંભળી.

વાત સાંભળીને બચ્ચાં ફફડવા લાગ્યાં.

તેઓ માની આતુરતાથી રાહ જોવા લાગ્યાં.

સાંજે લાવરી પાછી આવી.

માને જોઈને બચ્ચાં ચીં ચીં કરી ગાભરાં બની બોલી ઊઠ્યાં :

'મા, મા, આજે ને આજે તું અમને બીજે ઠેકાણે લઈ જા.

'કાલે આ ખેતર વઢાઈ જશે !'

લાવરીએ નવાઈ પામીને પૂછ્યું :

'બચ્ચાંઓ, તમે શી રીતે જાણ્યું ?'

બચ્ચાં બોલ્યાં :

'આજે ખેતરનો પટેલ આવ્યો હતો.

'તેની સાથે તેનો દીકરો પણ હતો.

'અમે તેમની બધી વાત સાંભળી.

'આજે તે ફળિયાનાં બધાં માણસોને ખેતર વાઢવા આવવા કહેશે.

'તેઓ બધાં કાલે આવીને ખેતર વાઢવા મંડી પડશે.

'આપણો માળો તોડી-ફોડી નાખશે !

'પછી અમારું શું થશે ?'

લાવરી શાંતિથી બોલી :

'મારાં વહાલાં બચ્ચાંઓ, તમે જરા પણ ગભરાતાં નહિ.

'કાલે ખેતર વઢાવાનું નથી.

'તમે નિરાંતે માળામાં રહેજો.'

બીજો દિવસ થયો.

સવારે બાપદીકરો ખેતરે આવ્યા.

તેમણે આડોશી-પાડોશીઓની ઘણી રાહ જોયા કરી.

પણ કોઈ આવ્યું નહિ !

પટેલે થાકીને કહ્યું :

'કોઈ આવ્યું નહિ !

'આજે તું ભૂલાકાકાને કહી આવજે.

'એમના ઘરનાં બધાં માણસો જરૂર આવશે.'

સાંજ પડી.

લાવરી માળામાં આવી.

લાવરીએ હસતાં હસતાં કહ્યું :

'કેમ બચ્ચાંઓ, મજામાં છો ને?

'મારું કહ્યું ખરું પડ્યું.'

ત્યાં તો બચ્ચાંઓ ગભરાઈને બોલ્યાં :

'મા, મા, કાલે આ ખેતર જરૂર વઢાઈ જશે.

'અમને બીજે ક્યાંક લઈ જા.

'અહીં રહેવું ઠીક નહિ.'

લાવરીએ પૂછ્યું :

'કેમ? તમે શાથી જાણ્યું?'

બચ્ચાંઓ બોલ્યાં :

'કાલે ભૂલાકાકાનાં બધાં જ માણસોને પટેલે બોલાવ્યાં છે.

'તેઓ ખેતર વાઢવા જરૂર આવશે.'

લાવરી નિરાંતે બોલી :

'છોકરાઓ, તમે નકામાં ગભરાઓ છો.

'કાલે પણ ખેતર વઢાવાનું નથી.

'તમે લહેરથી માળામાં રહેજો.'

બીજે દિવસે બાપદીકરો વહેલા ખેતરે આવીને બેઠા.

એક કલાક ગયો.

બે કલાક પસાર થઈ ગયા.

સૂરજદાદા પણ આકાશમાં ઊંચે આવીને પ્રકાશવા લાગ્યા.

પણ કોઈ આવ્યું નહિ !

પટેલ અકળાઈ ગયા.

તેણે દીકરાને કહ્યું :

‘દીકરા, કાલે તો આપણે જ ખેતર વાઢવા મંડી પડીએ.

‘પારકી આશા સદા નિરાશ.

‘બીજાને ભરોસે બેસી રહીએ, તો કામ ન થાય.

‘નકામા બે દિવસ બગડ્યા !’

બચ્ચાંએ આ વાત સાંભળી.

તેઓ ફફડી ઊઠયાં.

તેઓ માની આતુરતાથી રાહ જોવા લાગ્યાં. તેમને થયું :

‘મા જલદી જલદી આવે તો સારું.

‘અજવાળે અજવાળે બીજે ચાલ્યાં જઈએ.’

સાંજ પડી.

લાવરી ઘેર આવી.

બચ્ચાં ધ્રૂજતાં ધ્રૂજતાં બોલી ઊઠયાં :

‘મા, મા, આજે ને આજે તું અમને બીજે ક્યાંક લઈ જા.’

લાવરી બચ્ચાંને ધરપત આપતાં બોલી :

‘બચ્ચાંઓ, આમ ધ્રૂજો છો શા માટે ?

‘એવું તે તમે શું સાંભળ્યું ?’

બચ્ચાંઓ બોલ્યાં :

'મા, આવતી કાલે ખેડૂત અને તેનો દીકરો જાતે આવીને ખેતર વાઢશે.'

એ સાંભળીને લાવરીએ કહ્યું :

'ચાલો, બચ્ચાંઓ, અત્યારે જ આપણે બીજે ઠેકાણે જતા રહીએ.

'હવે કાલે સવારે જરૂર ખેતર વઢાશે.'

લાવરીનાં બચ્ચાં ઊડતાં શીખી ગયાં હતાં.

લાવરી તરત જ બચ્ચાંને લઈને ત્યાંથી બીજે રહેવા જતી રહી.

બીજે દિવસે ખેડૂત અને તેનો દીકરો વહેલી સવારે ખેતરે આવ્યા.

બાપ દીકરો ઘઉં વાઢવા મંડી પડચા.

સાંજ સુધીમાં બધા ઘઉં વઢાઈ ગયા.

બાપ-દીકરો રાજી રાજી થઈ ગયા.

## ૯

## ખાડો ખોદે તે પડે

ચાર હતા ચોર.

તેઓ એક રાતે શહેરમાં ચોરી કરવા ગયા.

એક ધનવાન માણસના ઘરમાં તેઓ પેઠા.

ખૂબ ધન દરદાગીના ચોરીને તેઓ બહાર આવ્યા.

ઘણા દિવસે આજે ખૂબ ખૂબ માલ હાથ લાગ્યો હતો.

ચારે ચોર ખૂબ આનંદમાં આવી ગયા હતા.

ખુશ થતા થતા તેઓ પાસેના જંગલ ભણી ઝડપભેર જવા લાગ્યા.

જો સિપાઈઓ જોઈ જાય, તો રંગમાં ભંગ પડી જાય !

જંગલમાં એક કૂવો હતો.

નજીકમાં મહાદેવજીનું જૂનું મંદિર હતું.

પ્રભાતનો સમય થવા આવ્યો હતો.

ચાર ચોર ત્યાં થોભ્યા. નિર્જન જગ્યા હતી.

એટલે ભય જેવું હતું નહિ.

તેઓ ત્યાં થોડી વાર આરામ કરવા બેઠા.

પછી ચાર ચોર ચોરીના માલનો ભાગ પાડવા કૂવાની પાસે બેઠા.

સરખેસરખા ભાગ પાડીને એ લોકોએ પોતપોતાની ગાંસડી બાંધી.

એવામાં એક ચોરે કહ્યું :

‘ભાઈઓ, ઘણા દિવસે આપણને મોટો લાભ થયો છે,

‘રાતે કંઈ ખાધું પણ નથી.

‘ચાલો, આપણે સાથે બેસીને ઉજાણી કરીએ.

‘બોલો, તમારો શો વિચાર છે ?’

બધાને આ વિચાર ગમી ગયો.

તેઓ બોલી ઊઠચા :

‘કબૂલ ! કબૂલ ! આના જેવું રૂડું શું ?

'બાજુના ગામમાંથી મીઠાઈ વગેરે મગાવીએ.

'પછી અહીં બેસીને ઉજાણી કરીએ.

'મજા પડશે.'

સવાર થઈ.

એટલે બે ચોર નજીકના ગામમાં મીઠાઈ વગેરે લેવા ગયા.

બે ચોર માલમત્તા સાચવવા કૂવાની પાળે બેઠા.

ગામમાંથી બે ચોરોએ મીઠાઈ વગેરે વેચાતું લીધું.

પછી તેઓ જંગલ ભણી જવાની તૈયારી કરવા લાગ્યા.

ત્યાં તો એક ચોર ધીમેથી બોલ્યો !

'અલ્યા, મને એક વિચાર આવ્યો છે.

'તું કબૂલ થાય, તો કહું.'

બીજો ચોર બોલ્યો :

'કબૂલ છે, ભાઈ, કબૂલ.

'કંઈ લાભની વાત હોય, તો આ બંદા તૈયાર છે.'

એટલે પેલો ચોર ઉત્સાહમાં આવી ગયો.

તેણે પેલાના ખભે હાથ મૂકીને કહ્યું :

'દોસ્ત, સાંભળ. આપણા લાભની જ વાત છે.

'આ વખતે આપણને ઠીક ઠીક માલ હાથ લાગ્યો છે.

'આપણા બંનેના હાથમાં એ બધું આવી જાય, તો આપણો બેડો પાર !

'પણ તારો સાથ હોય, તો જ બને.'

બીજો ચોર ગેલમાં આવી જઈ બોલ્યો :

'બોલ, દોસ્ત, બોલ. તું શું કહેવા માગે છે?

'મારો સાથ તો સદાયનો.

'જ્યાં તું ત્યાં હું.

'આપણી દોસ્તી તો કદીય ન તૂટે.'

પહેલો ચોર ધીમેથી કહેવા લાગ્યો:

'દોસ્ત, આપણે આ પ્રમાણે કરીએ.

'આપણા પેલા બે સાગરીતો આપણી આડે આવે છે!

'તેમનું કાસળ કાઢી નાખવું જોઈએ.

'બોલ, તને કેમ લાગે છે?'

બીજો ચોર બોલી ઊઠ્યો:

'મારા દોસ્ત, તારી વાત સાચી છે.

'એ બે જો ન હોય, તો આપણને બમણો ભાગ મળી જાય.

'પણ આ કામ કરવું શી રીતે?'

પહેલો ચોર તાળી આપીને બોલ્યો:

'એ તો બહુ સહેલું કામ છે.

'આપણે મીઠાઈમાં ઝેર ભેળવી દઈએ.

'એ ઝેરવાળી મીઠાઈ પેલા બે જણને ખાવા આપી દઈશું.

'એટલે એ બંનેના રામ રમી જશે.

'પછી આપણે બધી માલમત્તા સરખે ભાગે વહેંચી લઈશું.

'બોલ, બરાબર છે ને?'

બીજો ચોર રાજીનો રેડ થતો બોલ્યો:

'શાબાશ! શાબાશ! વાહ! તારી અક્કલની બલિહારી!

'ચાલો, આપણે બજારમાંથી ઝેર ખરીદી લઈએ.'

એમ વિચારીને બંને જણ પાછા બજારમાં ગયા.

ઝેર વેચાતું લીધું.

મીઠાઈમાં ઝેર ભેળવી દીધું.

પછી બંને જણ રાજી થતા થતા જંગલ ભણી જવા લાગ્યા.

હવે કૂવા પર બેઠેલા પેલા બે ચોરોના મનમાં પણ કુવિચાર આવ્યો.

એ ચોરોએ શી પેરવી કરી?

એ બંને જણાએ શહેરમાં ગયેલા પોતાના બે સાથીઓને પૂરા કરવાનો ઘાટ ઘડ્યો:

'પેલા બે ચોર શહેરમાંથી આવે, તે વખતે આપણે કૂવાની પાળ ઉપર બેસવું.

'તેઓ બંને પોરો ખાવા કૂવાની પાળ ઉપર બેસશે.

'એટલે આપણે બંનેએ તેમને કૂવામાં ધકેલી દેવા!

'પછી આપણે બધી માલમત્તા બે વચ્ચે વહેંચી લેવી.'

પછી કૂવાની પાળ ઉપર બંને ચોરો બેઠા.

પેલા શહેરમાં ગયેલા ચોરોની તેઓ રાહ જોવા લાગ્યા.

થોડી વાર પછી પેલા બે ચોરો મીઠાઈ વગેરે લઈને ત્યાં આવી પહોંચ્યા.

તેઓ આવીને પેલા બે જણાની પાસે કૂવાની પાળ ઉપર બેઠા.

પેલા બે જણા કહેવા લાગ્યા :

'જરા અહીં બેસીને આરામ કરો.

'પછી આપણે સાથે બેસીને ઉજાણી કરીશું.

'આવો લહાવો આપણને પહેલી વાર જ મળ્યો છે.'

એમ કહીને એ બંને જણા પેલા બે ચોરો પાસે ગયા.

અને લાગ જોઈને એ બંનેને તેમણે કૂવામાં ગબડાવી દીધા!

પછી બંને ચોરો ખુશ થતા મીઠાઈનું પડીકું ખોલી બોલી ઊઠચા :

'ચાલો. આપણે પહેલાં મીઠાઈ ખાઈને ગળ્યું મોઢું કરીએ.

'પછી બીજી વાત.'

એમ કહીને બંને જણાએ પેટ ભરીને મીઠાઈ ખાધી.

અને થોડી વારમાં જ ઝેરી મીઠાઈ ખાવાથી એ બંને જણ પણ મરણ પામ્યા.

પેલી કહેવતમાં કહ્યું જ છે ને—

'ખાડો ખોદે તે પડે.'

## ૧૦
# કોનું પુણ્ય વધારે?

ગુજરાતનો એક મોટો રાજા થઈ ગયો.

તેનું નામ હતું સિદ્ધરાજ જયસિંહ.

તેની માતાનું નામ હતું મીનલદેવી.

એક વાર રાજમાતા મીનલદેવી સોમનાથની જાત્રાએ ગયાં હતાં.

પરંતુ રાજમાતા જાત્રા કર્યા વિના પાછાં ફર્યાં.

સિદ્ધરાજ જયસિંહ પોતાના મહેલમાં એકલો બેઠો હતો.

એવામાં દ્વારપાળ ત્યાં આવ્યો.

રાજાજીને નમન કરીને તે બોલ્યો:

'મહારાજ, રાજમાતા મીનલદેવી જાત્રાએથી પાછાં પધાર્યાં છે.'

સિદ્ધરાજ એ સાંભળીને ખૂબ નવાઈ પામ્યો.

તે બોલી ઊઠ્યો:

'અરે, એ શી રીતે બને?

'માતાજી તો સોમનાથની જાત્રાએ ગયાં હતાં.

'આટલાં જલદી તે શા કારણે પાછાં ફર્યાં હશે?

'મારગે કંઈ વિઘ્ન નડ્યું કે શું?'

સિદ્ધરાજ ઝડપભેર માતાને મળવા સામો દોડ્યો.

મીનળદેવી પાસે જઈને તેણે પૂછ્યું:

'બા, બા, તમે કેમ એકાએક પાછાં ફર્યાં ?
'રસ્તામાં કંઈ થયું કે શું ?
'તમારી તબિયત તો સારી છે ને ?'
મીનલદેવી ગંભીર બની જઈ બોલ્યાં :
'દીકરા, મારી તબિયતને શું થવાનું હતું ?
'હું ખૂબ હોંશથી સોમનાથની જાત્રાએ નીકળી હતી.
'સોમનાથ મહાદેવનાં દર્શન કરવા હું ખૂબ આતુર હતી.
'પણ મારી બધી મનોકામના એળે ગઈ !'
સિદ્ધરાજે અકળાઈને પૂછ્યું :
'બા, એવું તે શું થયું ?
'કોઈએ તમારું અપમાન તો નથી કર્યું ને ?
'જે હોય તે મને તરત જ કહો.
'હું હમણાં જાતે જઈને તેને બરોબર પાઠ ભણાવી દઉં.'
મીનળદેવી ફિક્કું હસતાં બોલ્યાં :
'અરે બેટા, તારા જેવો ભડવીર દીકરો હોય, પછી મારું અપમાન કોણ કરે ?
'પણ બેટા, સાંભળ. વાત તો જુદી જ છે.
'સોમનાથ નજીક આપણા રાજસેવકોને મેં જોયા.
'તેઓ જાત્રાળુ પાસેથી કર ઉઘરાવતા હતા.
'એ સેવકોએ કેટલાય લોકોને રોકી રાખ્યા હતા.
'એ લોકો જાત્રા કરવા જ આવ્યા હતા.
'પણ તેઓ બિચારા ગરીબ હતા.

'તેઓ જાત્રાનો કર ક્યાંથી ભરે ?

'એટલે તે બાપડા રોતા કકળતા પાછા ફરતા હતા !'

એટલું કહીને રાજમાતા જરા અટકી ગયાં.

ગળું ખંખારીને તે બોલ્યાં :

'એ ગરીબ બિચારા લોકોને જોઈને મારું હૈયું ભરાઈ આવ્યું.

'મને થયું, આટલા બધા જાત્રાળુ સોમનાથનાં દર્શન કર્યા વિના જ પાછા ફરે છે !

'તો પછી હું જાત્રા કરીને શું કરું ?

'એટલે હું ત્યાંથી પાછી ફરી.'

સિદ્ધરાજ માતાની વાત સાંભળીને મૂંઝવણમાં પડી ગયો.

તે ધીમેથી બોલ્યો :

'બા, તારી વાત ખરી છે.

'પણ હું લાચાર છું !

'આવા કર ન ઉઘરાવીએ, તો રાજ કેમ ચાલે ?'

મીનલદેવી મક્કમ અવાજે બોલ્યાં :

'એ હું કંઈ ન જાણું.

'કોઈ પણ હિસાબે આ કારમો કર તું માફ કર.

'તો જ હું સોમનાથની જાત્રાએ જઈશ.

'ત્યાં સુધી મારે અન્ન-જળનો ત્યાગ છે.'

મીનલદેવીનાં આ વચન સાંભળીને સિદ્ધરાજ અકળાઈ ગયો.

તે બોલી ઊઠ્યો :

'અરે, બા, આવું ભારે નીમ લેવાની કશી જરૂર નથી.

'તમારી ઇચ્છા મારાથી ન ઉથાપાય.'

એમ કહીને સિદ્ધરાજે દ્વારપાળને બોલાવીને કહ્યું :

'હમણાં ને હમણાં મંત્રીને બોલાવી લાવ.'

થોડી વારમાં મંત્રી ત્યાં હાજર થઈ ગયો.

સિદ્ધરાજ જયસિંહે મંત્રીને કહ્યું :

'મંત્રીજી, એક તાકીદનું કામ તાબડતોબ કરવાનું છે.

'હમણાં ને હમણાં સોમનાથ તરફ રાજસેવકોને મોકલો.

'ત્યાં જઈને મારો હુકમ આપવા કહો.

'કર ઉઘરાવવા ત્યાં રહેલા રાજ્યના અધિકારીઓ અહીં પાછા આવી જાય.

'આજથી સોમનાથની જાત્રાએ આવનારા લોકો પાસેથી કોઈએ કર ન લેવો.'

મંત્રી રાજાજીનો સંદેશો લઈને ચાલી ગયો.

એટલે સિદ્ધરાજ માતાને કહેવા લાગ્યો :

'બા, તમારી સામે હાથમાં જળ લઈને હું કહું છું–

'આ કર માફ કર્યાનું પુણ્ય તમને અર્પણ કરું છું.'

મીનલદેવી આનંદ પામ્યાં.

સિદ્ધરાજના માથા પર હેતથી હાથ ફેરવીને બોલ્યાં :

'દીકરા, તારું ભલું થજો.

'હવે હું ખુશીથી જાત્રાએ જઈશ.'

બીજે જ દિવસે મીનલદેવી ઉમંગભેર જાત્રાએ જવા

નીકળી પડ્યાં.

સોમનાથ જઈને મહાદેવનાં તેમણે ખૂબ ભાવથી દર્શન કર્યાં.

મોટાં મોટાં ઘણાં દાન આપ્યાં.

પછી મીનલદેવી પોતાને ઉતારે પાછાં ગયાં.

રાતનો વખત હતો.

તે સૂવાની તૈયારી કરવા લાગ્યાં.

પથારીમાં પડ્યાં પડ્યાં તેમને વિચાર આવ્યો :

'હાશ, આજે મારા બધા મનોરથ પૂરા થયા.

'ખરેખર, આજે મેં કેટલાં બધાં મોટાં મોટાં દાન કર્યાં.

'એવાં દાન આજના જમાનામાં કોઈએ કર્યાં નથી.

'મારા જેવી દાનેશ્વરી આ દુનિયામાં કોઈ છે નહિ અને થશે પણ નહિ.'

આમ વિચાર કરતાં કરતાં મીનલદેવી અભિમાનથી ભરપૂર બની ગયાં.

એ દશામાં તે સૂઈ ગયાં.

વહેલી સવારે તે એકદમ ઝબકીને જાગી ગયાં.

મીનલદેવી બોલી ઊઠ્યાં :

'કેવું વિચિત્ર સ્વપ્નું!

'સ્વપ્નમાં મહાદેવજીએ દર્શન આપ્યાં.

'મહાદેવે મને કહ્યું :

'મારા દેવમંદિરમાં કોઈ એક ઘણી જ ગરીબ જાત્રાળુ બાઈ આવી છે.

'તેનું પુણ્ય તું માગ.

'મહાદેવ પણ ખરા છે!

'આટલાં મોટાં દાન મેં કર્યાં છે.

'એની આગળ આ ગરીબ બાઈનું દાન શી વિસાતમાં?

'એનું પુણ્ય વેચાતું લેવું એ મારે માટે કાંઈ કઠણ નથી.'

મીનલદેવીએ દાસીને બૂમ પાડીને બોલાવી.

મીનલદેવીએ તેને કહ્યું:

'તું કારભારીને જઈને કહે કે,

'હમણાં ને હમણાં સેવકોને સોમનાથ મહાદેવના મંદિર પાસે મોકલો.

'ત્યાં કોઈ ગરીબ બાઈ સોમનાથની જાત્રાએ આવી છે.

'તેને તાબડતોબ શોધી કાઢો.

'એને મારી પાસે જલદી લઈ આવો.'

દાસી તરત જ દોડી ગઈ.

મીનલદેવી એકલાં એકલાં વિચારવા લાગ્યાં:

'સોમનાથ મહાદેવને મેં ગઈ કાલે સોનાની કેટલીય ભેટો ધરી હતી.

'છતાં મહાદેવ મારા દાનની કસોટી કરવા માગે છે.

'એક ગરીબ બાઈનું પુણ્ય વેચાતું લેવાનું ભગવાન કહે છે!

'અરે, એ ગરીબ બાઈએ ભગવાનને એવું તે શું ધર્યું હશે?

'એવાં તો કેટલાંય ગરીબ માણસોને મેં દાન કર્યાં છે.

'એને જોઈએ તેટલુ ધન આપીશ.

'એ ગરીબ બાઈ માગી માગીને કેટલું માગશે ?

'મારા દીકરાના રાજમાં ધનની કયાં ખોટ છે ?

'એવાં તો કેટલાંય પુણ્ય ખરીદવાની મારામાં તાકાત છે.'

થોડી વાર પછી રાજસેવકો એક ગરીબ બ્રાહ્મણ બાઈને લઈને આવી પહોંચ્યા.

મીનલદેવીએ એ બાઈને પાસે બોલાવીને પ્રેમથી કહ્યું :

'બહેન, તું જાત્રાએ આવી હતી ખરું ને ?

'મારે તારું પુણ્ય જોઈએ છે.

'તારું પુણ્ય મને આપ.

'તેના બદલામાં તું માગીશ એટલું ધન તને આપીશ.'

રાજમાતાની વાત સાંભળીને પેલી ગરીબ બાઈ વિમાસણમાં પડી ગઈ.

તે ધીમે અવાજે બોલી :

'રાજમાતાજી, હું ચારસો ગાઉ ચાલીને મહાદેવજીનાં દર્શન કરવા આવી છું.

'હું તો સાવ નિર્ધન છું !

'રસ્તામાં ભીખ માગીને હું મારો નિર્વાહ કરતી હતી.

'પરમ દિવસે મેં તીર્થમાં રહીને ઉપવાસ કર્યો હતો.

'કાલે કોઈ પુણ્યશાળી પાસેથી મને જેવો તેવો મીઠા વગરનો સાથવો ભીખમાં મળ્યો.

'તેનો અડધો ભાગ કરીને મેં સોમનાથ મહાદેવની

પૂજા કરી.

'બાકી રહેલા અરધામાંથી અરધો એક અતિથિને આપ્યો.

'ત્યાર બાદ જે બાકી રહ્યો તેના વડે મેં પારણાં કર્યાં.'

એટલું કહીને એ બાઈ થોડી વાર થોભી ગઈ.

મીનલદેવી પણ તેની વાત આતુરતાથી સાંભળી રહ્યાં.

પેલી બાઈએ આગળ કહેવા માંડ્યું :

'રાજમાતાજી, આપ તો મહાપુણ્યશાળી છો.

'રાજવંશી છો.

'આપે જાત્રાળુઓને માથેથી કર કઢાવી નાખ્યો છે.

'વળી આપે મહાદેવજીની સવા કરોડ મહોરની પૂજા કરી છે.

'એવાં મોટાં મોટાં પુણ્ય કરનારાં આપ મહાભાગ્યશાળી છો.

'છતાં મારું આવું તુચ્છ પુણ્ય લેવાને આપ ઇચ્છો છો !

'એ કેવી નવાઈની વાત છે !

'ક્યાં આપ અને ક્યાં હું તુચ્છ જીવ !

'માતાજી, મારા ઉપર આપ રોષ ન કરો, તો હું આપને એક વાત કહું.'

મીનલદેવીને તો એનું પુણ્ય કોઈ પણ હિસાબે ખરીદવું હતું.

એટલે તે બહુ મીઠાશથી બોલ્યાં :

'ભલી બાઈ, તારે જે કહેવું હોય, તે ખુશીથી કહે.

'મનમાં જરાયે સંકોચ રાખતી નહિ.
'તું જે કહેશે એ હું રાજીખુશીથી તને આપીશ..'
પેલી ગરીબ બાઈ ગંભીરતાથી બોલી :
રાજમાતાજી, બેઅદબી માફ કરજો.
'મારી વાત ધ્યાનથી સાંભળો.
'ખરી રીતે વિચારીએ તો,
'આપના પુણ્ય કરતાં મારું પુણ્ય વધારે ગણાય !
'ખૂબ ધન હોવા છતાં પણ નિયમ પાળવા,
'છતી શક્તિએ સહન કરવું,
'જુવાનીમાં વ્રતો પાળવાં
'તથા ગરીબ અવસ્થામાં દાન આપવું
'—એ બધું ઓછું હોય,
'તોપણ તેમાંથી મોટો લાભ થાય છે.
'એવું શાસ્ત્રમાં કહ્યું છે.'
આ સાંભળીને મીનલદેવી વિચારમાં પડી ગયાં.
તેમની આંખ ઊઘડી ગઈ.
રાજમાતા નમ્ર બની જઈ બોલ્યાં :
'બહેન, તેં મને આજે સાચો બોધ આપ્યો !
'મેં ખૂબ દાન કર્યું હતું.
'એટલે હું અભિમાનમાં આવી ગઈ હતી.
'મહાદેવ ભગવાને મારું અભિમાન ઉતાર્યું.
'હું ધન્ય થઈ ગઈ.'

એમ કહીને રાજમાતા મીનલદેવી ભક્તિભાવથી ભગવાનને મનોમન પ્રણામ કરવા લાગ્યાં.